# મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતેના રવી ઋતુના શાકભાજી પાક સંવર્ધનના અખતરાઓનું મોનીટરીંગ

ગુજરાત રાજયની ચારેય કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્રો તથા પેટા કેન્દ્રો ખાતે તાંત્રિક કાર્યક્રમ મુજબના જુદા જુદા શાકભાજીમાં પાક સંવર્ધનના અખતરાઓ લેવામાં આવે છે. વિવધિ કેન્દ્રો ખાતે લેવામાં આવેલ અખતરાઓનું સુચારુ આયોજન અને મોનીટરીંગ માટે જુદી જુદી ઋતુમાં દરેક કેન્દ્રને જવાબદારી સોંપવામાં આવેલ હોય છે. તે અંતર્ગત મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, આકૃયુ, આણંદ ખાતેના રવી ઋતુમાં લેવામાં આવેલ અખતરાઓના મોનીટરીંગ અર્થે શાકભાજી સંશોધન યોજના, અસ્પી કોલેજ ઓફ હોર્ટીકલ્ચર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના ડૉ. ડી. આર. ભંડેરી (પ્રાધ્યાપક અને વડા), ડૉ. જે. એમ. વશી (મદદનશી પ્રાધ્યાપક), ડૉ. એન. કે. પટેલ (મદદનશી પ્રાધ્યાપક), ડૉ. હિમાની બી. પટેલ (મદદનશી પ્રાધ્યાપક) અને પ્રો. હેતલ આર. રાઠોડ (મદદનશી પ્રાધ્યાપક) દ્વારા તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ રાજય કક્ષાના જુદા જુદા શાકભાજી પાકોના અખતરાઓનું મોનીટરીંગ કરેલ. સૌ પ્રથમ મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રના વડાશ્રી ડૉ. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક(શાકભાજી) દ્વારા મોનીટરીંગ અર્થે આવેલ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના વૈજ્ઞાનિકશ્રીઓનું સ્વાગત કરેલ તેમજ કેન્દ્ર ખાતે લેવામાં આવેલ રાજય કક્ષાના શાકભાજી પાકોના અખતરાઓની વિસ્તૃત માહિતી આપેલ. મોનીટરીંગ ટીમમાં આણંદ કેન્દ્રના ડૉ. સી. કે. બોરડ, ડૉ. એન. એ. પટેલ અને ડૉ. એમ. એમ. પંડયા અને શ્રી કે. જે. વેકરીયા વગેરે વૈજ્ઞાનિકશ્રીએ રીંગણ પાકના ત્રણ, ટામેટી પાકના બે, મરચી પાકના બે અને  શકકરીયા, ચેરી ટામેટી, પાપડી તેમજ ભીંડા પાકના એક આમ કુલ ૧૧ રાજય કક્ષાના અખતરાઓનું મોનીટરીંગ કરેલ.





